## (1) THAAD મિસાઈલ સિસ્ટમ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Terminal High Altitude Area Defense છે.
(2) તે જમીન પર આધારિત એન્ટિ–બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ છે.
(3) તેના દ્વારા દુશ્મન પર એટેક કરી શકાય છે.
(4) આ યુ.એસ. તથા ઈઝરાયેલની સંયુક્ત સિસ્ટમ છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં દક્ષિણ કોરીઆમાં રહેલી THAAD સિસ્ટમ પર ચીન દ્વારા ફરીથી વાંધો ઊઠાવવામાં આવ્યો છે.

⇛ THAADનું પૂરું નામ Terminal High Altitude Area Defense છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે જમીન આધારિત એન્ટિ–બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ છે જેનું પરિવહન પણ શકય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ટૂંકી અને મધ્યમ રેંજ ધરાવતી બેલિસ્ટિક મિસાઈલના અંતિમ તબક્કામાં આ સિસ્ટમ દ્વારા તેને અટકાવીને નાશ કરવામાં આવે છે.

⇛ THAADનો ઉપયોગ દુશ્મન પર એટેક કરવા માટે કરી શકાતો નથી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ સિસ્ટમની બનાવટ તથા ડિઝાઈનિંગ યુ.એસ.એ.ની લોકહીડ માર્ટીન કંપની દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) સ્કોર્પિયનફિશ (Scorpionfish) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) ભારતમાં પ્રથમ વખત આ પ્રજાતિ જીવંત રીતે મળી આવેલ છે.

(2) આ પ્રજાતિ સામાન્ય રીતે ઈન્ડો–વેસ્ટ પેસિફિક વિસ્તારમાં જોવા મળે છે.

(3) તે રંગ બદલી શકવાનો ગુણધર્મ ધરાવે છે.

(4) તેમાં ન્યુરોટોક્ષિન પણ રહેલું છે.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં **CMFRI** સંસ્થાના સંશોધકોને મન્નારની ખાડી પાસેથી સ્કોર્પિયનફિશ મળી આવેલ છે. આ પ્રથમ બનાવ છે જેમાં આ પ્રજાતિ ભારતીય પાણીમાં જીવંત મળેલ હોય. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ **CMFRI**નું પૂરું નામ સેન્ટ્રલ મરીન ફિશરીઝ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ છે.

⇛ મછલીની આ પ્રજાતિ રંગ બદલવાનો ગુણધર્મ ધરાવે છે જેથી તે અન્ય શિકારીના હુમલાથી બચી શકે અને પોતે સરળતાથી શિકાર કરી શકે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ આ પ્રજાતિની કરોડરજ્જુમાં ન્યુરોટોક્ષિન રહેલું હોવાથી તેને સ્કોર્પિયનફિશ તરીકે ઓળખવામાં આવે છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ ન્યુરોપેક્ષિન એક પ્રકારનું રસાયણ છે જે શરીરના ચેતાતંત્ર માટે ઝેરી હોય છે.

⇛ આ પ્રજાતિ સામાન્ય રીતે ઈન્ડો–વેસ્ટ પેસિફિક વિસ્તારમાં રહે છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) સેન્ટ્રલ મરીન ફિશરીઝ રિસર્ચ ઈન્સ્ટિટયુટ (CMFRI) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેની સ્થાપના 1947માં કરવામાં આવી હતી.

(2) તે કૃષિ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

(3) તેનું વડુમથક કેરળના કોચીમાં આવેલું છે.

(4) તેનો એક હેતુ જળ જૈવવિવિધતા (મરીન બાયોડાયવર્સિટી)નું સંરક્ષણ કરવાનો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ CMFRI સંસ્થાની સ્થાપના વર્ષ 1947માં ભારત સરકાર દ્વારા કૃષિ મંત્રાલય હેઠળ કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વર્ષ 1967માં આ સંસ્થાને ICAR (ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ) હેઠળ લાવવામાં આવી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તે માત્ર ભારતની જ નહીં પરંતુ વિશ્વની પ્રમુખ સંસ્થા છે જે ટ્રોપીકલ મરીન ફિશરીઝ ક્ષેત્રે સંશોધન કરી રહી હોય.

⇛ આ સંસ્થાનું વડુમથક કેરળના કોચીમાં આવેલું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સંસ્થાના હેતુઓ :

- દરિયાની માછલીઓના સ્ત્રોતનું મૂલ્યાંકન
- મરીકલ્ચર (Mariculture) દ્વારા ઉત્પાદકતા ને ઉત્પાદનમાં વધારો કરવો.
- મરીન બાયોડાયવર્સિટીનું સંરક્ષણ કરવું

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) ગોવા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) 30 મે એ ગોવા તેનો રાજ્ય દિવસ (સ્ટેટહુડ ડે) ઊજવી રહ્યું છે.
(2) પોર્ટુગીઝોએ ગોવા પર આશરે 450 વર્ષ સુધી શાસન કરેલું છે.
(3) ભારતે ઓપરેશન વિજય દ્વારા ગોવાને પોર્ટુગીઝો પાસેથી આઝાદ કરેલું છે.
(4) તેની રાજધાની તથા સૌથી મોટું શહેર પણજી છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ વર્ષ 1510માં બિજાપુરના સુલતાનને હરાવીને પોર્ટુગીઝોએ ગોવા પર કબ્જો મેળવ્યો હતો.

⇛ ભારતે 1961માં પોર્ટુગીઝોને દૂર કરવા માટે સૈન્ય કવાયત હાથ ધરી હતી જેને ઓપરેશન વિજય નામ આપવામાં આવ્યું હતું. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આમ આશરે 450 વર્ષો સુધી ગોવા પર પોર્ટુગીઝોનું શાસન હતું. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ 1961થી 1987 સુધી ગોવા કેન્દ્રશાસિત પ્રદેશ રહ્યું હતું.

⇛ 30 મે, 1987માં તેને રાજ્યનો દરજ્જો મળ્યો હતો. આથી, દર વર્ષે 30 મે એ ગોવા રાજ્ય દિવસની ઊજવણી કરે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ગોવાની ઓફિશિયલ ભાષા કોંકણી છે.

⇛ ગોવાની રાજધાની પણજી છે તથા સૌથી મોટું શહેર વાસ્કો–દી–ગામા છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) RTI અધિનિયમ હેઠળ નીચેનામાંથી શેનો 'પબ્લીક ઓથોરિટી'માં સમાવેશ થાય છે ?**

(1) બંધારણ દ્વારા સ્થાપિત સંસ્થા

(2) સંસદના કાયદા દ્વારા સ્થાપિત સંસ્થા

(3) રાજ્ય સરકારના કાયદા દ્વારા સ્થાપિત સંસ્થા

(4) યોગ્ય સરકારની નોટિફિકેશન કે ઓર્ડર દ્વારા સ્થાપિત સંસ્થા

(A) માત્ર (1) અને (3)　　(B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ (PMO) દ્વારા કહેવામાં આવ્યું છે કે, PM-CARES ફંડ પબ્લિક ઓથોરિટી નથી આથી RTI હેઠળ તેનો સમાવેશ થઈ શકે નહીં.

⇛ RTI અધિનિયમના સેકશન-2 હેઠળ 'પબ્લિક ઓથોરિટી' નીચેના કાયદા/નિયમો દ્વારા સ્થપાયેલ સંસ્થાને માનવામાં આવે છે.

- બંધારણ હેઠળ અથવા બંધારણ દ્વારા સ્થપાયેલ સંસ્થા
- સંસદ દ્વારા રચવામાં આવેલ કોઈ કાયદા હેઠળ સ્થપાયેલ સંસ્થા
- રાજ્ય સરકારના કાયદા હેઠળ સ્થપાયેલ સંસ્થા
- યોગ્ય સરકારની નોટિફિકેશન કે ઓર્ડર દ્વારા સ્થપાયેલ સંસ્થા.

(આથી, દરેક વિધાન સાચાં છે.)

⇛ PM-CARES ફંડની સ્થાપના 28 માર્ચ, 2020ના રોજ 'પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ' તરીકે કરવામાં આવી હતી.

⇛ PMOના આ વિધાન દ્વારા પારદર્શકતાને અસર થશે.

⇛ PM-CARESને 10,000 કરોડથી વધુનું ફંડ મળેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like | comment | share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT